વિકાસાત્મક ક્ષેત્ર-1

શારીરિક વિકાસ

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

CG-1 બાળકો એવી ટેવો વિકસાવે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે.

C-1.1 પૌષ્ટિક ખોરાક પ્રત્યે રુચિ અને સમજણ દર્શાવે છે અને ખોરાકનો બગાડ કરતા નથી.

C-1.2 પોતાની સંભાળ અને સ્વચ્છતા રાખે છે.

C-1.3 શાળા અને વર્ગખંડને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખે છે.

C-1.4 સામગ્રી અને સાદાં સાધનોનો સલામત રીતે ઉપયોગ કરે છે.

C-1.5 ચાલવું, દોડવું, સાઈકલ ચલાવવી જેવી ક્રિયાઓ સાવચેતીપૂર્વક અને યોગ્ય રીતે કરે છે.

C-1.6 અસુરક્ષિત પરિસ્થિતિઓ સમજે છે અને મદદ માંગે છે.

CG-2 બાળકો સંવેદનાત્મક પ્રત્યક્ષીકરણ વિકસાવે છે.

C-2.1 આકારો, રંગ અને તેમના શેડ્સ વચ્ચે તફાવત કરે છે.

C-2.2 ચિહ્નો અને રજૂઆતો માટે દૃશ્યમાન સ્મૃતિ વિકસાવે છે

C-2.3 ધ્વનિની તીવ્રતા, અવાજ, ગતિ અનુસાર તેના અવાજ અને પેટર્નમાં તફાવત કરી શકે છે.

C-2.4 વિવિધ સુગંધ અને સ્વાદમાં તફાવત કરે છે.

C-2.5 સ્પર્શની સંવેદનામાં તફાવત કરે છે.

C-2.6 તેમના અનુભવોની સર્વગ્રાહી જાગૃતિ માટે સંવેદનાત્મક ધારણાઓને એકીકૃત કરવાનું શરૂ કરે છે.

CG-3 બાળકો સ્વસ્થ અને લચીલું શરીર વિકસાવે છે.

C-3.1 વિવિધ પ્રવૃત્તિઓમાં સંવેદનાત્મક ધારણાઓ(પર્સેપ્શન) અને શરીરના હલનચલન વચ્ચે સંકલન દર્શાવે છે.

C-3.2 વિવિધ શારીરિક પ્રવૃત્તિઓમાં સંતુલન(બેલેન્સ), સંકલન અને લવચીકતા(ફ્લોક્સિબિલિટી) દર્શાવે છે.

C-3.3 તેમના હાથ અને આંગળીઓ વડે કામ કરવામાં ચોકસાઈ અને નિયંત્રણ દર્શાવે છે.

C-3.4 ઊચકવા, ચાલવા અને દોડવામાં તાકાત અને દઢતા દર્શાવે છે.

(CG = Curricular Goal = અભ્યાસક્રમનો ધ્યેય C = Competency = ક્ષમતા)

વિકાસાત્મક ક્ષેત્ર-2

સામાજિક-ભાવનાત્મક અને નૈતિક વિકાસ

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

CG-4 બાળકો ભાવનાત્મક બુદ્ધિ વિકસાવે છે.

C-4.1 પોતાને કુટુંબ અને સમુદાયની વ્યક્તિ તરીકે ઓળખવાનું શરૂ કરે છે.

C-4.2 વિવિધ લાગણીઓને ઓળખે છે અને તેમને યોગ્ય રીતે નિયંત્રિત કરવાના પ્રયત્નો કરે છે.

C-4.3 અન્ય બાળકો અને પુખ્ત વયના લોકો સાથે સરળતાથી વાતચીત કરે છે.

C-4.4 અન્ય બાળકો સાથે સહકારભર્યું વર્તન કરે છે.

C-4.5 વર્ગખંડ અને શાળાનાં સામાજિક ધોરણોને સમજે છે અને તેનો હકારાત્મક પ્રતિસાદ આપે છે.

C-4.6 જ્યારે અન્યો (પ્રાણીઓ, છોડ સહિત)ને જરૂર હોય ત્યારે તેમના પ્રત્યે ઉદારતા દર્શાવે છે અને સહાયતા કરે છે.

C-4.7 અન્ય બાળકોના વિચારો, પસંદગીઓ અને ભાવાત્મક જરૂરિયાતોને સમજે છે અને સકારાત્મક પ્રતિસાદ આપે છે.

CG-5 બાળકો ઉત્પાદક કાર્ય અને સર્વિસ અથવા 'સેવા' પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે.

C-5.1 અન્યને મદદ કરવા માટે વય અનુરૂપ શારીરિક કાર્ય કરવા ઇચ્છા અને સહભાગિતા દર્શાવે છે.

CG-6 બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે.

C-6.1 જીવનનાં તમામ સ્વરૂપો માટે કાળજી અને આનંદ વ્યક્ત કરે છે.

(CG = Curricular Goal = અભ્યાસક્રમનો ધ્યેય C = Competency = ક્ષમતા)

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

વિકાસાત્મક ક્ષેત્ર-3

જ્ઞાનાત્મક વિકાસ

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

CG-7 બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આસપાસની દુનિયાને સમજે છે.

C-7.1 વસ્તુઓની વિવિધ શ્રેણીઓ અને તેમની વચ્ચેના સંબંધોનું અવલોકન કરે છે અને સમજે છે.

C-7.2 સરળ પૂર્વધારણા રચીને પ્રકૃતિમાં કારણ અને અસરના સંબંધનું અવલોકન કરે છે અને સમજે છે અને તેમની પૂર્વધારણાને સમજાવવા માટે અવલોકનોનો ઉપયોગ કરે છે.

C-7.3 રોજિંદા જીવનમાં અને અધ્યયન માટે યોગ્ય સાધનો અને ટૅક્નોલૉજીનો ઉપયોગ કરે છે.

CG-8 વિશ્વને ઓળખવા માટે બાળકો માત્રા (જથ્થો), આકારો અને માપ દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.

C-8.1 એક કરતાં વધુ ગુણધર્મના આધારે વસ્તુઓને જૂથ અને પેટા-જૂથમાં વર્ગીકૃત કરે છે.

C-8.2 તેમની આસપાસ આકારો અને સંખ્યાઓમાં સરળ પેટર્નને ઓળખે છે અને વિસ્તૃત કરે છે.

C-8.3 10 અને 20 નાં જૂથમાં 99 સુધીની સીધી અને ઊંધી ગણતરી કરે છે.

C-8.4 99 સુધીની સંખ્યાઓને ચડતા અને ઊતરતા ક્રમમાં ગોઠવે છે.

C-8.5 સ્થાનકિંમતની સમજ સાથે 99 સુધીની સંખ્યાઓને ઓળખે છે અને તેનો ઉપયોગ કરે છે.

C-8.6 ઉમેરવાની અને બાદ કરવાની લવચીક પદ્ધતિઓનો ઉપયોગ કરી સરળતાથી બે અંકની સંખ્યાઓનો સરવાળો અને બાદબાકી કરે છે.

C-8.7 ગુણાકારને પુનરાવર્તી સરવાળા તરીકે અને ભાગાકારને સમાન વહેંચણી તરીકે ઓળખે છે.

C-8.8 અવકાશમાં જગ્યા રોકતાં ભૌમિતિક આકારો અને તેમના અવલોકનક્ષમ ગુણધર્મોને ઓળખે છે. આકારો બનાવે છે અને વર્ગીકૃત કરે છે.

C-8.9 તેમના નજીકના વાતાવરણમાં વસ્તુઓની લંબાઈ, વજન અને કદ (ગુંજાશ)નું સરળ માપન કરવા માટે યોગ્ય સાધનો અને એકમો પસંદ કરે છે.

C-8.10 મિનિટ, કલાક, દિવસ, અઠવાડિયા અને મહિનામાં સમયનું સરળ માપન કરે છે.

C-8.11 100 રૂપિયા સુધીના સરળ નાણાકીય વ્યવહારો (ટ્રાન્ઝેક્શન) કરે છે.

C-8.12 જથ્થો, આકાર, અવકાશીય જગ્યા અને માપને લગતી વિભાવનાઓ અને પ્રક્રિયાઓને સમજવા અને વ્યક્ત કરવા માટે પર્યાપ્ત અને યોગ્ય શબ્દભંડોળ વિકસાવે છે.

C-8.13 જથ્થો, આકાર, અવકાશીય જગ્યા અને માપને લગતા સરળ ગાણિતિક પ્રશ્નો બનાવે છે અને તેને ઉકેલે છે.

(CG = Curricular Goal = અભ્યાસક્રમનો ધ્યેય C = Competency = ક્ષમતા)

વિકાસાત્મક ક્ષેત્ર-4

ભાષા અને સાક્ષરતા વિકાસ

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

CG-9 બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયા-પ્રતિક્રિયા માટે અસરકારક સંચાર કૌશલ્ય વિકસાવે છે.

C-9.1 સાદાં ગીતો, જોડકણાં અને કવિતાઓ સાંભળે છે અને માણે છે.

C-9.2 પોતાની જાતે સરળ ગીતો અને કવિતાઓ બનાવે છે.

C-9.3 સળંગ અને અર્થપૂર્ણ રીતે વાતચીત કરી શકે છે.

C-9.4 જટિલ કાર્ય માટે આપેલ મૌખિક સૂચનાઓ સમજે છે તે કાર્ય કરાવવા માટે અન્ય લોકોને સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે.

C-9.5 વર્ણવેલી/વાંચેલી વાર્તાઓ સમજે છે અને પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માંગે છે તે સમજે છે.

C-9.6 સ્પષ્ટ કથાવસ્તુ અને પાત્રો સાથે ટૂંકી વાર્તા કહે છે.

C-9.7 રોજબરોજનો વ્યવહાર અસરકારક રીતે કરવા માટે પૂરતા શબ્દો જાણે છે અને તેનો ઉપયોગ કરે છે તેમની પાસે જે શબ્દભંડોળ છે તેનો ઉપયોગ કરીને નવા શબ્દોના અર્થનું અનુમાન કરી શકે છે.

CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે.

C-10.1 અક્ષરોના ધ્વનિ વિશે જાગૃતિ વિકસાવે છે તેમજ પ્રથમ ભાષાના અક્ષરોનો ઉપયોગ કરીને શબ્દો બનાવે છે.

C-10.2 મુદ્રણ (પ્રિન્ટ) સભાનતા વિકસાવે છે અને મૂળભૂત વિરામચિહ્નોને ઓળખે છે.

C-10.3 વર્ણમાળાના બધા અક્ષરો અને માત્રાઓ ઓળખે છે અને વાંચવા અને લખવા માટે તેનો ઉપયોગ કરે છે.

C-10.4 યોગ્ય ઝડપ અને આરોહ-અવરોહ સાથે ચોકસાઈપૂર્વક અને પ્રવાહિતા સાથે પ્રથમ ભાષાની વાર્તાઓ અને ફકરા વાંચે છે.

C-10.5 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને પોતાની રીતે- પાત્રો, વાર્તાનું કથાવસ્તુ અને લેખક શું કહેવા માંગે છે તે ઓળખીને તેનો અર્થ સમજે છે.**(L1)**

C-10.6 ટૂંકી કવિતાઓ વાંચે છે અને શબ્દોની પસંદગી અને કલ્પના માટે કવિતાની પ્રશંસા કરે છે.**(L1)**

C-10.7 ટૂંકા સમાચાર, સૂચનાઓ અને પ્રચાર સામગ્રી વાંચે છે અને તેનો અર્થ સમજે છે. **(L1)**

C-10.8 પોતાની સમજણ અને અનુભવો વ્યક્ત કરવા માટે ફકરો લખે છે. **(L1)**

C-10.9 બાળસાહિત્યનાં વિવિધ પુસ્તકો લેવામાં અને વાંચવામાં રુચિ બતાવે છે.**(L1)**

CG-11 બાળકો ભાષા ૨ (દ્વિતીય ભાષા)માં વાંચવા અને લખવાનું શરૂ કરે છે.

C-11.1 ધ્વનિ જાગૃતિ સાથે ધ્વનિ પરથી શબ્દો અને શબ્દો પરથી ધ્વનિની સમજણ વિકસાવે છે.

C-11.2 તમામ અક્ષરોને ઓળખે છે અને તેનો ઉપયોગ સરળ શબ્દો અને વાક્યો વાંચવા અને લખવા માટે કરે છે.

(CG = Curricular Goal = અભ્યાસક્રમનો ધ્યેય C = Competency = ક્ષમતા)

વિકાસાત્મક ક્ષેત્ર-5

કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

CG-12

બાળકો વિઝ્યુઅલ અને પર્ફોર્મિંગ આર્ટ્સ (દૃશ્ય અને અભિવ્યક્તિ કલા)માં ક્ષમતા અને સંવેદનશક્તિ વિકસાવે છે અને કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદદાયી રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.

C-12.1 વિવિધ આકારમાં દ્વિ-પરિમાણીય અને ત્રિ-પરિમાણીય કલાકૃતિઓ બનાવવા માટે વિવિધ સામગ્રી અને સાધન વિશે જાણે છે અને રજૂ છે.

C-12.2 સંગીત, રોલપ્લે, નૃત્ય અને હલનચલન માટે પોતાના અવાજ, શરીર, જગ્યાઓ અને વિવિધ વસ્તુઓ વિશે જાણે છે અને પ્રસ્તુતિ કરે છે.

C-12.3 કલા દ્વારા વિચારો અને લાગણીઓને અભિવ્યક્ત કરવા માટે નાવીન્યપૂર્ણ અને કલ્પનાશીલ રીતે કાર્ય કરે છે.

C-12.4 કલામાં સહભાગી થઈને કામ કરે છે.

C-12.5 કલા, સ્થાનિક સંસ્કૃતિ અને ધરોહરનાં વિવિધ સ્વરૂપો બનાવતી અને અનુભવતી વખતે વિવિધ પ્રકારના પ્રતિભાવો જણાવે છે અને તેની પ્રશંસા કરે છે.

CG-13

બાળકો અધ્યયનની સકારાત્મક ટેવો વિકસાવે છે, જે તેમને શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક અધ્યયન વાતાવરણમાં સક્રિયપણે ભાગ લેવાની તક આપે છે.

C-13.1 ધ્યાન અને હેતુપૂર્ણ ક્રિયા: ચોક્કસ ધ્યેય પ્રાપ્ત કરવા માટે યોજના બનાવવા, ધ્યાન કેન્દ્રિત કરવા અને પ્રત્યક્ષ પ્રવૃત્તિઓ કરવાની કુશળતા પ્રાપ્ત કરે છે.

C-13.2 સ્મૃતિ અને માનસિક લવચીકતા : ગોઠવાયેલ વ્યવસ્થામાં અધ્યયન કરવા માટે જરૂરી એવી પૂરતી યાદશક્તિ (Working Memory) , માનસિક લવચીકતા (ધ્યાન કેન્દ્રિત કરવા કે બદલવા) અને સ્વનિયંત્રણ (આવેગજન્ય બાબતોમાં સ્વસ્થતા જાળવવી) પ્રાપ્ત કરે છે.

C-13.3 અવલોકન, આશ્ચર્ય, જિજ્ઞાસા અને અન્વેષણ: વસ્તુઓની નાની-નાની વિગતોનું અવલોકન કરે છે, આશ્ચર્ય અનુભવે છે અને વિવિધ ઇન્દ્રિયોનો ઉપયોગ કરીને અન્વેષણ કરે છે.

C-13.4 વર્ગખંડના નિયમો: સમજણ સાથે વર્ગખંડના નિયમો સ્વીકારે છે અને તેનું પાલન કરે છે.

(CG = Curricular Goal = અભ્યાસક્રમનો ધ્યેય C = Competency = ક્ષમતા)

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ (NEP-2020) અનુસાર દેશમાં શૈક્ષણિક ગુણવત્તા માટેનું પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન માટેનું મિશન

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

નિપુણ ભારત - નિપુણ ગુજરાત

સમજ સાથે વાંચન અને સંખ્યાજ્ઞાનમાં નિપુણતા માટેની રાષ્ટ્રીય પહેલ

(NATIONAL INITIATIVE FOR PROFICIENCY IN READING WITH UNDERSTANDING AND NUMERACY - NIPUN)

સમજ સાથે વાંચન-લેખન-ગણનની વાત - નિપુણમાં અગ્રેસર બનશે ગુજરાત

ધ્યેય

વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં ધોરણ ૩ સુધીનાં બાળકો વાંચન, લેખન અને ગણનમાં શીખવાની જરૂરી ક્ષમતા પ્રાપ્ત કરી શકે તે માટેનું સાનુકૂળ વાતાવરણનું નિર્માણ કરવું

સર્વાંગી લક્ષ્યાંક

બાળકોમાં સારા સ્વાસ્થ્ય અને સુખાકારીનું નિર્માણ
બાળકોમાં અસરકારક રીતે સંવાદ કરવાની ક્ષમતાનું સર્જન
બાળકોમાં તેમના રોજિંદા વાતાવરણ સાથે જોડાઈને શીખવાના પ્રયાસનું સ્થાપન

- બાળકના વિકાસમાં ગામનો વિકાસ
- નિપુણ ભારતની સફળતાનો એક માત્ર આધાર શિક્ષક, વાલી, સમાજ
- બાળકોની શીખવાની પ્રક્રિયામાં સહભાગી બનીએ
- શાળાની પ્રવૃત્તિઓમાં સક્રિય બનીએ. વાલી મિટિંગ અને એસએમસીમાં ભાગ લઈએ
- બાળકના સફળ ઉછેર માટે સમગ્ર સમાજનો પ્રયાસ


નિપુણ ભારતનું સપનું
બધાં બાળકો સમજે ભાષા અને ગણવું



અર્થગ્રહણ સહિત વાંચન



અભિવ્યક્તિ સહિત લેખન



મૂળભૂત ગાણિતિક પ્રક્રિયાઓ



પાયાના જીવન કૌશલ્યો